# એસ.એસ.પી જૈન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ- ધ્રાંગધ્રા

## બી.કોમ સેમ-1 અસાઈન્મેન્ટ ટોપીક્સ

# નાણાકીય હિસાબી પદ્ધતિ-1

1. ગજેન્દ્ર , રાજેન્દ્ર અને રમેન્દ્ર 2 : 2 : 1 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તેઓએ તા. 1-1-2018 ના રોજ વાર્ષિક રૂ. 10,000 પ્રીમિયમ ભરીને રૂ. 1,00,000 ની સંયુક્ત જીવન વીમા પોલિસી લીધી. પેઢીનું હિસાબી વર્ષ 31 મી ડિસેમ્બરના રોજ પૂરું થાય છે.
   રાજેન્દ્ર તા. 14-10-2021 ના રોજ મૃત્યુ પામ્યો. વીમા કંપની તરફથી તા. 20-10-2021 ના રોજ રૂ. 1,20,000 બોનસ સહિત રકમ મળી. નીચેના દરેક સંજોગોમાં 2021 ના વર્ષ માટેની આમનોંધ લખો.
   (બાબત જે જરૂરી નથી )
   (i) જો વીમા પ્રીમિયમની રકમને મહેસૂલી ખર્ચ ગણવામાં આવે ત્યારે.
   (ii) જો વીમા પ્રીમિયમની રકમને મૂડી ખર્ચ ગણવામાં આવે ત્યારે
   (iii) જો સંયુક્ત જીવન વીમા પોલિસી અને સંયુક્ત જીવન વીમા પોલિસી અનામત એમ બંને ખાતામાં તા. 1-1-2021 ના રોજ રહેલી શરણમૂલ્યની કિંમત તરીકે રૂ. 6,000 ની બાકી દેખાતી હોય ત્યારે.

2. કેયા , ક્રિશા અને ક્રિના 2 : 1 : 1 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તેઓએ તા. 1-4-2017 ના રોજ વાર્ષિક રૂ. 12,000 ના પ્રીમિયમથી રૂ. 1,20,000 ની સંયુક્ત જીવન વીમા પોલિસી લીધી. પોલિસીનું શરણમૂલ્ય નીચે મુજબ છે.

| વર્ષ | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|---|
| શરણમૂલ્ય<br>કૂલ ભરેલ પ્રીમિયમના ટકા | શૂન્ય | 10 % | 20 % | 30 % |

તા. 1-8-2021 ના રોજ ક્રિશા મૃત્યુ પામી. તા. 10-8-2021 ના રોજ વીમા કંપનીએ રૂ. 1,32,000 બોનસ સહિત ચુકવ્યા. પેઢીનું હિસાબી વર્ષ 31 મી માર્ચના રોજ પૂરું થાય છે.

પેઢીના ચોપડે તૈયાર કરો.

(i) સંયુક્ત જીવન વીમા પોલિસી ખાતું

(ii)સંયુક્ત જીવન વીમા પોલિસી અનામત ખાતું

3. અનન્યા અને દેવન્યા એક સહિયારા સાહસમાં સરખે હિસ્સે નફો-નુકશાન વહેંચવાની શરતે જોડાયા. અનન્યાએ રૂ. 1,20,000 નો માલ ખરીદ્યો અને દેવન્યા પર રૂ. 60, 000 ની 3 માસની મુદ્દતની હૂંડી લખી, જે દેવન્યાએ સ્વીકારી પરત કરી. આ હૂંડી અનન્યાએ બેંકમાં વાર્ષિક 10 % ના દરે વટાવી. સંયુક્ત સાહસના વ્યવહારો નીચે મુજબ થયા હતા.
   (i) અનન્યાએ રૂ. 500 ભાડાના, રૂ. 300 વેચાણ કમિશનના અને રૂ. 200 જાહેરાત ખર્ચના ચુકવ્યા.
   (ii) દેવન્યાએ રૂ. 600 મુસાફરી ખર્ચના ચુકવ્યા.
   (iii) અનન્યાએ થોડો માલ રૂ. 96,000 માં વેચ્યો, અને તેમાનો થોડો માલ ખરાબ હોવાથી એક ગ્રાહકને રૂ. 1,000 નું વળતર આપ્યું.
   (iv) દેવન્યાએ કેટલોક માલ રૂ. 55,000 માં વેચ્યો.
   (v) બંને પાસે નહિ વહેંચાયેલ માલ રૂ. 12,000 અને રૂ. 8,000 નો હતો. આ માલ અનુક્રમે અનન્યા અને દેવન્યા મૂળ કિંમત પર કાચા નફાનો જે દર મળ્યો હતો તે ચઢાવીને જે કિંમત નક્કી થાય તે કિંમતે લઈ લીધો.
   (vi) હૂંડીનો વટાવ સંયુક્ત સાહસનો ખર્ચ ગણવાનો છે.
   તૈયાર કરો
      (i) અનન્યાના ચોપડે : રાશ ખાતું અને દેવન્યાનું ખાતું.
      (ii) દેવન્યાના ચોપડે : રાશ ખાતું અને અનન્યાનું ખાતું

# નામા પદ્ધતિ-1 (Optional)

1. કે.ડી લિમિટેડના ચોપડામાં જાન્યુઆરી, 2018 માટે કોઈ એક માલસામાન અંગેના વ્યવહારો નીચે મુજબ છે.

| તારીખ | આવક | | જાવક | |
|---|---|---|---|---|
| | જથ્થો એકમમાં | એકમમાં ભાવ | જથ્થો એકમમાં | રકમ રૂ. |
| જાન્યુઆરી 1 | 2,000 | 2.00 | -- | -- |
| જાન્યુઆરી 3 | 3,000 | 3.00 | -- | -- |
| જાન્યુઆરી 5 | -- | -- | 3,000 | 7,000 |
| જાન્યુઆરી 7 | 2,500 | 2.50 | -- | -- |
| જાન્યુઆરી 10 | 1,000 | 4.00 | -- | -- |
| જાન્યુઆરી 15 | -- | -- | 5,000 | 14,250 |
| જાન્યુઆરી 18 | 1,800 | 3.50 | -- | -- |
| જાન્યુઆરી 20 | 700 | 3.50 | -- | -- |
| જાન્યુઆરી 21 | -- | -- | 1,000 | 3,750 |
| જાન્યુઆરી 22 | -- | -- | 900 | 3,150 |
| જાન્યુઆરી 27 | -- | -- | 500 | 1,700 |

| | | | | |
|---|---|---|---|---|
| જાન્યુઆરી 28 | 800 | 3.25 | -- | -- |
| જાન્યુઆરી 29 | -- | -- | 400 | 1,200 |
| જાન્યુઆરી 30 | 2,500 | 4.00 | 900 | 2,875 |
| જાન્યુઆરી 31 | 500 | 3.50 | -- | -- |

તા. 31 મી જાન્યુઆરી, 2018 ના રોજ સ્ટોકની ગણતરી કરવામાં આવી ત્યારે જાણ થઈ કે 3000 એકમો સ્ટોકમાં હતા. ઉપરોક્ત માહિતી પરથી ફીફો(FIFO) પદ્ધતિ મુજબ માલસામાનની ખાતાવહી તૈયાર કરો. ઉપરાંત આખર સ્ટોકના એકમો અને તેની કિંમત શોધો

2. એક કારખાનામાં જાન્યુઆરી 2020 દરમિયાન માલ સ્ટોકના વ્યવહારો નીચે મુજબ છે.

| તારીખ | આવક | | જાવક | |
|---|---|---|---|---|
| | એકમો | એકમદીઠ ભાવ | તારીખ | એકમો |
| 1-1-2020 | 180 | 5 | 13-1-2020 | 200 |
| 10-1-2020 | 120 | 6 | 20-1-2020 | 150 |
| 17-1-2020 | 200 | 6.5 | 29-1-2020 | 200 |
| 24-1-2020 | 150 | 6.40 | | |

તા. 13-1-2020 અને તા. 20-1-2020 નાં રોજની જાવકની કિંમત નક્કી કરવા માટે અનુક્રમે LIFO (લિફો) અને FIFO (ફિફો) પદ્ધતિ અપનાવાઈ છે. જ્યારે 24-1-2020 નાં રોજથી જાવકનાં મૂલ્યાંકન માટે ભારિત સરેરાશ પદ્ધતિનો ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

માલસામાનનાં સ્ટોકનું પત્રક તૈયાર કરો.

| એકમલક્ષી અર્થશાસ્ત્રના સિદ્ધાંતો-1 | |
|---|---|
| 1 | ધંધાકીય અર્થશાસ્ત્ર નો અર્થ આપી તેનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર સમજાવો. |
| 2 | માંગની મૂલ્ય સાપેક્ષતા એટલે શું ? તેના પ્રકારો સમજાવો |

| વ્યક્તિગત વેચાણ અને વેચાણ કળા-1 | |
|---|---|
| 1 | વ્યક્તિગત વેચાણની પદ્ધતિઓ અથવા વિતરણ માર્ગો સમજાવો. |
| 2 | સેલ્સમેન માટેના આવશ્યક ગુણો સમજાવો. |

| English | |
|---|---|
| 1 | Write the story 'The Last Leaf' in your language. |
| 2 | Write the story 'A Snake in the Grass' in your language. |

| વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન -1 | |
|---|---|
| 1 | સંચાલન એટ્લે શું ? સંચાલનના લક્ષણો અને તેના સિદ્ધાંતો સમજાવો. |
| .2 | વ્યવસ્થાતંત્રનો અર્થ સમજાવો અને આદર્શ વ્યવસ્થાતંત્રના માર્ગદર્શક સિદ્ધાંતો સમજાવો. |

| કંપની કાયદો-1 | |
|---|---|
| 1 | જોઇન્ટ સ્ટોક કંપનીની વ્યાખ્યા આપી તેના લક્ષણો સમજાવો. |
| 2 | ' સેબી ' ના કાર્યો સમજાવી, શેર બજારના નિયમનમાં તેનો ફાળો વર્ણવો. |

| વાણિજ્ય સંચાલન- 1 ( Optional ) | |
|---|---|
| 1 | કર્મચારી સંચાલનની વ્યાખ્યા આપી તેનું મહત્વ અને કાર્યક્ષેત્ર ચર્ચો. |
| 2 | તાલીમ એટલે શું ? તેના હેતુઓ અને ફાયદાઓ સમજાવો. |

| કમ્પ્યુટર એપ્લીકેશન ઈન બિઝનેસ -1 | |
|---|---|
| 1 | કમ્પ્યુટરની વ્યાખ્યા આપી કમ્પ્યુટરનો બ્લોક ડાયેગ્રામ સમજાવો. |
| 2 | કમ્પ્યુટરની ઈનપુટ અને આઉટપુટ રચના સમજાવી કોઈપણ બે ઈનપુટ અને બે આઉટપુટ સાધનો સમજાવો. |